# ::હંગામીજાહેરનામું::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી), અન્વયે કાઢેલ હુકમ

ક્રમાક:ટ્રાફિક/કૃભકો રેલ્વે ફાટક/LC-09/વાહનપ્રતિબંધ/જાહેરનામું/૨૩૪/૨૦૨૪

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
સુરતશહેર,
તા. ૨૬ /૦૧/૨૦૨૪

સુરત શહેર વિસ્તારમાં હજીરા સ્થિત કૃભકો કંપનીની રેલ્વે લાઇન કોસાડ/ગોઠાણ ગામથી કૃભકો કારખાના સુધી આવેલ છે. જેમાં માસમા-શેરડી-જોથાણ ગામ થી ઇચ્છાપુર-જહાંગીરપુરા-વરિયાવ-અમરોલી તરફ જવા માટે કૃભકો રેલ્વે લાઇન ક્રોસિંગ LC–૦૯ ફાટક આવેલ છે. આ ફાટક પાસે રેલ્વેના પાટાનું કૃભકો કંપની દ્વારા તા. ૨૭/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ થી તા. ૨૯/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ વાગ્યા સુધી સમારકામ કરવામાં આવનાર હોય,સમારકામ દરમ્યાન વાહનોની અવર-જવર થાય તો આ રેલ્વે લાઇનની સમારકમની કામગીરી કરવામાં અવરોધ ઊભો થાય તેવી પરિસ્થિતી છે. જેથી માસમા-શેરડી-જોથાણ ગામ થી ઇચ્છાપુર-જહાંગીરપુરા-વરિયાવ-અમરોલી તરફના વાહનોની અવર-જવર માટે પર પ્રતિબંધ મુકવા માટે કૃભકો કંપનીનાં જનરલ મેનેજરશ્રી એસ. ટી. મકવાણા નાઓ દ્વારા અરજી કરવામાં આવેલ છે. જે અંગે રિજીયન-૦૪ સા.શ્રીનાઓનો અભિપ્રાય મંગાવતા હકારાત્મક અભિપ્રાય મળેલ છે. જેથી કૃભકો રેલ્વે વિભાગ સાથે સંકલન કરી આયોજન કરેલ છે. માસમા-શેરડી-જોથાણ ગામ થી ઇચ્છાપુર-જહાંગીરપુરા-વરિયાવ-અમરોલી તરફનાં તમામ વાહનોની અવર-જવર પર તા. ૨૭/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ થી તા. ૨૯/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ સુધી પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

## ::હુકમ::

વાસ્તે હું અજયકુમાર તોમર, પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના હદ વિસ્તારમાં હજીરા કૃભકો કંપનીની રેલ્વે લાઇન આવેલ છે. જેમાં માસમા-શેરડી-જોથાણ ગામ થી ઇચ્છાપુર-જહાંગીરપુરા-વરિયાવ-અમરોલી તરફ જવા માટે કૃભકો રેલ્વે લાઇન ક્રોસિંગ LC–૦૯ ફાટક આવેલ છે.તે જગ્યાએ તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા પર તા. ૨૭/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ થી તા. ૨૯/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ સુધી પ્રતિબંધ ફરમાવુ છું.

## ::વિકલ્પ ::

(૧) ઇચ્છાપોર-જહાંગીરપુરા-વરિયાવ-અમરોલી તરફથી માસમા-શેરડી-જોથાણ ગામ તરફ અવાર-જવર કરનારા વાહનોએ ઓલપાડ-સરોલી બ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) અમરોલી-વરિયાવ-જહાંગીરપુરા થી જોથાણ-શેરડી-કનાજ-કંટારા-કોસમ ગામ તરફ અવર-જવર કરવા માટે કૃભકોની રેલ્વે ફાટક LC-૦૮ નો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) LC-૦૮ અને LC-૦૯ વચ્ચે નહેર ની સમાંતર આવેલા માર્ગ મારફતે અવર-જવર ચાલુ રાખી શકાશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ની કલમ૩૩(૧) (બી) હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામુ તા. ૨૭/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦ થી તા. ૨૯/૦૧/૨૦૨૪ના સવારે ક. ૭/૦૦સુધી અમલમાં રહેશે.

આજરોજ તા.૨૬/૦૧/૨૦૨૪ના રોજ મારી સહી-સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત. સત્યમેવ જયતે

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરતશહેર.

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.
(૬) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-ર, સુરત શહેર.
(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.
(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.
(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.
(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.
(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર
(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઇ,જે,કે,એલ, ટ્રાફિક, કંટ્રોલ, વિશેષ શાખા, હેડ કવાર્ટસ સુરત શહેર.

(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ, ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.

(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦ નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

(૨૩) જનરલ મેનેજરશ્રી, ONGC હજીરા પ્લાન્ટ, સુરત.

સવિનય નકલ રવાના :-

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.

(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.

(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.

(૭) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત.

પોલીસ કમિશ્નર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.